સુવિચાર : અંધ કોણ? જેને કર્તવ્યનું ભાન નથી તે.. બહેરો કોણ? જે હિતની વાત સાંભળતો નથી તે.. મુંગો કોણ? ખરે સમયે બોલતો નથી તે.. - સંત તુલસીદાસ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૯૩ | ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૫, બુધવાર ; ભાદરવા સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**તાપમાન**
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૬ ટકા ● સાંજે ૮૧ ટકા
વરસાદ : ૪૮.૫ મી.મી.

## ફટાફટ ન્યુઝ

- મોદીની યાત્રા પહેલાં અમેરિકા સાથે અબજો ડોલરની સમજુતિ
- મોદી-શરીફ ન્યુયોર્કમાં એક જ હોટલમાં રહેશે : અહેવાલ
- ઇન્ક્રિપ્શન પોલીસીમાં વોટ્સ અપ, સહિત સોશિયલ મીડિયાને મુક્તિ
- પશ્ચિમી મોરચા ઉપર મહાકાય લશ્કરી કવાયતની તૈયારી શરૂ
- સરહદ ઉપર વિશેષ માર્ગ બનાવવા ભારત તૈયાર છે
- ઈઝરાયેલની પાસેથી ડ્રોન ખરીદવા ભારતની તૈયારી
- એન્જિનિયરિંગની છ લાખ સીટ ઘટાડી દેવાની તૈયારી
- ભારતમાં વધુ હુમલાઓ કરવાની આઈએસઆઈની યોજના તૈયાર
- સિરિયા : આઇએસ ત્રાસવાદી દ્વારા ૧૦ લોકોની ઘાતકી હત્યા

# બિનઅનામત વર્ગો માટે આર્થિક પેકેજ તૈયાર

**આવતીકાલે સચિવાલયના સ્વર્ણિમ સંકુલ ખાતે વિવિધ સમાજોના આગેવાનોની ઉપસ્થિતિમાં બિનઅનામત સમાજના વર્ગો માટે આર્થિક પેકેજની જાહેરાત કરાશે : શિક્ષણ અને નોકરીના ક્ષેત્રમાં વિશેષ સહાયની યોજનાની જોગવાઈ કરાઈ છે : સરકારી નોકરીમાં વયમર્યાદામાં છૂટછાટ અપાશે**

ગાંધીનગર, તા.૨૨

અનામત આંદોલનના પગલે રાજ્ય સરકારે નિમેલી ઉચ્ચકક્ષાની સમિતિના ભલામણના આધારે બિનઅનામત વર્ગો માટે આર્થિક પેકેજને આખરી ઓપ અપાયો છે. આવતીકાલે ૨૪મીને ગુરૂવારે સ્વર્ણિમ સંકુલના હૉલમાં વિવિધ સમાજોના અગ્રણીઓની ઉપસ્થિતિમાં પેકેજ અંગે જાહેરાત કરાશે.

મળતી માહિતી મુજબ બિનઅનામત વર્ગના સમાજોમાં આર્થિક નબળા પરિવારોના બાળકોના શિક્ષણ માટે ખાસ સહાય યોજના તૈયાર કરાઈ છે. ફીના ધોરણો સાથે સાથે કેટલાક સ્થાનો પર અગ્રતા અપાવા માટે પણ ભલામણ કરાઈ છે. પાટીદાર, બ્રાહ્મણ, ક્ષત્રિય, વણિક જેવા સવર્ણ સમાજના આર્થિક પછાત પરિવારોને શિક્ષણમાં અને પ્રવેશમાં સહાય માટેના સવલતો વાળુ એક પેકેજ તૈયાર કરાયું છે.

આ ઉપરાંત નોકરીની તકો વધે એવા કેટલાક પગલાઓ પણ જાહેર કરાશે. આ ઉપરાંત સરકારી નોકરીની વય મર્યાદામાં પાંચ વર્ષ જેટલી છૂટ આપવાનો નિર્ણય કરાયો હોવાનું મનાય છે. એક આધારભૂત સુત્રો અન્વયે રાજસ્થાન સરકારે જાહેર કરેલ બિનઅનામત વર્ગો માટેની અનામતની દિશામાં ગુજરાત સરકાર આગળ વધશે. અને રાજસ્થાનના પગલે સવર્ણ સમાજના આર્થિક પછાત વર્ગો માટે ૧૪ ટકાથી ૧૬ ટકા અનામત માટેની વિચારણા પણ ગંભીરતાથી ચાલી રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ અનામત આપવી શક્ય ન હોઈ રાજ્ય સરકાર દ્વારા પાટીદાર સહીતના બિન અનામત વર્ગોને ઓ.બી.સી.ને આપવામાં આવતા આર્થિક લાભો જેવા જ લાભ આપવા માટેની જોગવાઈ આ આર્થિક પેકેજમાં કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલમાં સરકારી નોકરીઓમાં ભરતી માટે વય મર્યાદા જે ૨૮ વર્ષ છે તેમાં છુટછાટ આપીને વયમર્યાદામાં ૫ વર્ષનો વધારો કરીને ૩૩ વર્ષ કરવાની પણ વિચારણા કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ઉપરાંત શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ માટે પણ સ્કોલરશીપ સહીતના લાભો આપવાની બાબતનો પણ આ પેકેજમાં સમાવેશ કરાયો છે.

# હવે, હાર્દિકને પકડીને જ ઝંપીશુ : હસમુખ પટેલ

**બાયડના તેનપુર ગામે યોજાયેલ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ઉશ્કેરણીજનક પ્રવચન બાદ હાર્દિક ભાગી જતા ધરપકડ કરવા પોલીસે પીછો કર્યો પોલીસ પાછળ પાટીદારો પડ્યા ને હાર્દિકને છટકવાનો મોકો આપ્યો : સાબરકાંઠા, અરવલ્લી જીલ્લામાં પોલીસની નાકાબંધી**





(તસવીર : સમીર બલોચ, બાયડ)

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લાના બાયડના તેનપુર ગામે યોજાયેલી શ્રદ્ધાંજલિ કાર્યક્રમ બાદ પોલીસ અને હાર્દિક વચ્ચે ફિલ્મી ઢબના દૃશ્યો સર્જાયા હતા. સભામાં ઉશ્કેરણીજનક ભાષણના પગલે હાર્દિકની ધરપકડ કરવા પહોંચી રહેલ પોલીસના અણસારથી ભાગી છૂટેલ હાર્દિકને પકડવા પોલીસે પીછો કર્યો અને પાટીદારોએ પોલીસની પાછળ ત્રણ કિલોમીટર સુધી પીછો કરી પોલીસને દોડાવી.

● અનુસંધાન પાન-૭ પર



# તેનપુર ગામ પોલીસ છાવણીમાં ફેરવાયુ



(તસવીર : સમીર બલોચ, બાયડ)

અરવલ્લી જિલ્લાના બાયડના તેનપુર ખાતે આજે યોજાયેલા મૃત્યુ પામેલ પાટીદારોને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમની અગાઉ કોઈપણ મંજુરી લેવામાં આવી ન હતી અને કોઈપણ અનિચ્છનિય ઘટના ન બને તે માટે પોલીસ અધિકારીઓએ આગોતરા પગલા લીધા હતા અને સમગ્ર તેનપુર ગામ અને આસપાસના વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. અગાઉ પાટીદારોની સભાઓ તોફાની બની હોઈ અને મંજુરી વગર સભાને પગલે હાર્દીક પટેલની ધરપકડ કરવાને હોઈ સમગ્ર તેનપુર ગામને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યુ હતુ

## ૧૪ પાટીદારોની અટકાયત કરી ધનસુરા પોલીસ સ્ટેશને લઈ જવાયા

હાર્દીકને ધરપકડથી બચાવવામાં પોલીસ અને પાટીદારો વચ્ચે ઘર્ષણ પેદા થયુ હતુ. જેના પગલે પોલીસ દ્વારા ૧૩ જેટલા પાટીદારોની અટકાયત કરવામાં આવી છે અને ધનસુરા પોલીસ સ્ટેશનને લઈ જવાયા હતા.

## અટકાયત કરેલ પાટીદારો ના નામ

(૧) શનાભાઈ રામામભાઈ પટેલ (૨) ધર્મેન્દ્ર ભાઈ બાલાભાઈ પટેલ (૩) જીજ્ઞેશભાઈ ગીરીશભાઈ પટેલ (૪) દિનેશભાઈ નારાયણભાઈ પટેલ (૫) મહેશભાઈ રામાભાઈ પટેલ (૬) રાજેશકુમાર કાન્તીભાઈ પટેલ (૭) દિપકકુમાર ચતુરભાઈ પટેલ (૮) ઋષિકેશ શનાભાઈ પટેલ (ઉપરોકત તમામ રહે.તેનપુર) (૯) યજ્ઞેશકુમાર મહેન્દ્રભાઈ પટેલ (૧૦)દિલીપકુમાર પકંજભાઈ પટેલ (રાજકોટ) (૧૧)હેમેન્દ્રકુમાર ચંદ્રકાન્તભાઈપટેલ (પાલડી અમદાવાદ) (૧૨) હાર્દીક કીર્તીભાઈ પટેલ (વિરમગામ) (૧૩) કાન્તીલાલ લાલુભાઈ પટેલ તેનપુર

# પાટીદારોએ પોલીસને ખેતરોમાં દોડાવી



(તસવીર : સમીર બલોચ, બાયડ)

આજે તેનપુર ખાતે યોજાયેલા શ્રદ્ધાંજલી કાર્યક્રમમાં હાર્દીક પટેલ હાજર રહ્યો હતો જયારે આ કાર્યક્રમ મંજુરી વગર યોજાયો હોવાથી હાર્દીક પટેલની ધરપકડ કરવાનુ નકકી હોવાથી કાયર્કમ પત્યા બાદ પાટીદારોએ હાર્દીકની ધરપકડ ના થાય તે માટે હાર્દીકને આંતરીયાળ રસ્તા પર ખેતરોમાં થઈ ને નાસવામાં મદદ કરી હતી. ત્યારે પોલીસ હાર્દીકની પાછળ પડી હતી ત્યારે પોલીસની પાછળ પાટીદારોએ દોટ મુકતા એક સમય માટે પોલીસને પણ ભાગવાનો વારો આવ્યો હતો.

## હાર્દીકની ધરપકડ કરાઈ નથી પરંતુ હાર્દીકને પકડવા નાકાબંધી કરાઈ છે. : રેન્જ આઈજી હસમુખ પટેલ

મોડાસા, તા.૨૨

તેનપુર ખાતે આજે યોજાયેલા શ્રદ્ધાંજલી આપવાનો કાર્યક્રમ કોઈ પણ મંજુરી વગર યોજાયો હતો. જેને પગલે કાર્યક્રમ પુરો થયા બાદ હાર્દીકની ધરપકડ કરવાની હતી. કાર્યક્રમ સ્થળે પાટીદારો વચ્ચે ઘર્ષણના થાય તે માટે ધરપકડ કરવામાં ના આવી હતી અને આગળ અલગ અલગ જગ્યાએ પોલીસ નાકાબંધી ગોઠવવામાં આવી હતી ત્યારે હાર્દીક પટેલ હાલ અરવલલી જીલ્લાના ગામડાઓમાં ધરપકલ્થી બચવા ભાગી રહયો છે પરંતુ પોલીસે પણ હાર્દીકને પકડવા કમર કસી છે. અને નાકાબંધી કરી દેવામાં આવ્યુ છે તેવુ રેન્જ આઈજી હસમુખ પટેલે જણાવ્યુ હતુ.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ
AN ISO 9001:2008 Certified Company

ઓફિસ બદલેલ છે.
અમારી જુની ઓફિસ બી-૬, શ્રીનાથ કોમ્પ્લેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સે.૨૨, ગાંધીનગરની ઓફિસ બદલી
:: નવું સરનામું ::
૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર,
સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯ - ૨૩૨ ૪૩૬૨૩, ૨૩૨ ૧૧૪૫૬, ૨૩૨ ૧૧૪૮૯
મો ૯૬૩૮૧ ૮૩૮૩૮
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, કોફીટેબલ બુક,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

બેંક માટે જગ્યા
ભાડે/વેચાણ જોઈએ છે
1000 થી 2000 ફુટ
કાર્પેટ ગ્રાઉન્ડ ફ્લોર
ગાંધીનગર
સેક્ટર - ૧૧, ૧૬ તથા ૨૧
76 00 00 52 52

જોઈએ છે
Tally એકાઉન્ટન્ટ
અનુભવી/બીન અનુભવી
અંગ્રેજી તેમજ કોમ્પ્યુટર જાણકાર.
બાયોડેટા સાથે અરજી કરવી.
email:
ho.hr@dgsm.co.in

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ
9898935008
9737124032
ઓફિસ નંબર
9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર